# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૨૩/૩/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# કોરોનાની પ્રવર્તમાન પરિસ્થિતિને પહોંચી વળવા ચેમ્બર દ્વારા એકજ દિવસમાં વિડિયો કોન્ફરન્સ થકી વડાપ્રધાનશ્રી અને મુખ્યમંત્રીશ્રીને સુરતના ઉદ્યોગોની રૂબરૂ રજૂઆત

સુરત. કોરોના વાયરસની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સીઆઇઆઇ સુરત દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાથે આજે સાંજે ૪:૦૦ કલાકે વીડિયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં દેશની અગ્રગણ્ય ઔદ્યોગિક સંસ્થાઓ જેવી કે ફિક્કી, એસોચેમ, સીઆઇઆઇ અને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, સુરત પણ જોડાઇ હતી. આ વીડિયો કોન્ફરન્સમાં ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સીધા જ વડાપ્રધાનશ્રી સાથે સંબોધન કરતી વખતે સુરત સહિત દક્ષિણ ગુજરાતના વેપાર – ઉદ્યોગ વતી પોતાનુ સૂચન રજૂ કર્યુ હતુ. સૌપ્રથમ તેમણે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, કલેકટરાલય, સુરત મહાનગરપાલિકા અને પોલીસ વિભાગનો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે દક્ષિણ ગુજરાત એમએસએમઇનું હબ છે. એટલે સૌથી મોટો પ્રશ્ન અહીં કારીગરોનો ઉપસ્થિત થાય છે. અહીંના ઉદ્યોગ જગતના આગેવાનોએ કારીગરોને કોઇ મુશ્કેલી નહીં પડે તેની ખાતરી આપી છે.

તેમણે વડાપ્રધાનશ્રીને ટેક્ષેશનની બાબતોમાં એક્ષ્ટેન્શન આપવા માટેની તેમજ બેંકો દ્વારા એનપીએના ધોરણોમાં ફેરફાર કરી રિલેક્સેશન આપવામાં આવે તેવી રજૂઆત કરી હતી. આ અંગેની સરકાર દ્વારા વહેલી તકે જાહેરાત કરવામાં આવે. જેથી કરીને વેપારીઓ, ઉદ્યોગપતિઓ અને શહેરીજનો શાંતિથી ઘરે બેસી શકે અને કોરોનાની પરિસ્થિતિ સામે લડવા માટે સરકારને પણ મદદ મળી શકે તેમ અનુરોધ કર્યો હતો. વધુમાં તેમણે

ટેક્ષ્ટાઇલ, ડાયમંડ, રીયલ એસ્ટેટ, એકવાકલ્ચર, કેમિકલ સેકટર વતી વડાપ્રધાનશ્રીને ખાતરી આપી હતી કે હાલની કપરી પરિસ્થિતિથી લડવા માટે ઉદ્યોગ જગત સરકારશ્રીની સાથે ઉભો રહેશે. સાથે જ એક્ષરે મશીન અને વેન્ટીલેટર જેવી જરૂરી વ્યવસ્થા પુરી પાડવા માટે પણ સરકારશ્રીને મદદ કરશે.

તદુપરાંત આજે સવારે ૧૦:૩૦ કલાકે રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની ગુજરાતની બધી જ ચેમ્બર ઓફ કોમર્સ સાથે વિડિયો કોન્ફરન્સ યોજાઇ હતી. કલેકટર કચેરીમાં કલેકટરશ્રી ડો. ધવલ પટેલ અને સુરતમાં ખાસ ડેપ્યુટ કરાયેલા શ્રી મહેન્દ્ર પટેલની આગેવાનીમાં ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇ, ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયા અને તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી હેતલ મહેતા તથા એપીએમસી, ક્રેડાઇ, સુરત ડાયમંડ એસોસિએશન, ટેક્ષ્ટાઇલ પ્રોસેસર્સ એસોસિએશન, કેમિકલ સેકટર અને રીયલ એસ્ટેટના આગેવાનો હાજર રહયા હતા. શ્રી કેતન દેસાઇએ હાલના સંજોગોને ધ્યાનમાં લેતા આગામી તા. ૩૧મી માર્ચ ૨૦૨૦ સુધી ખૂબ જ એગ્રેસીવલી બંધનું પાલન કરવામાં આવે તેમજ બંધ દરમિયાન ઉદ્યોગોને પોલીસનું પ્રોટેકશન મળી રહે તેમ સૂચન કર્યુ હતુ. ચેમ્બરના સૂચનને બધા એસોસિએશનોએ સહમતિ આપી હતી. માર્ચ એન્ડીગ હોવાથી જીએસટી, ઇન્કમ ટેક્ષ, રિટર્ન, મહાનગરપાલિકાના વિવિધ વેરા, લાઇટબીલ અને ગેસબીલ વિગેરેમાં સરકાર દ્વારા ચોકકસ મુદત માટે લંબાવવામાં આવે તેમજ સરકાર દ્વારા તે અંગેની વહેલી તકે જાહેરાત પણ કરવામાં આવે તેમ મુખ્યમંત્રીશ્રી સમક્ષ ચેમ્બર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો. જે અંગેની વિશેષ નોંધ પણ સરકારશ્રી દ્વારા લેવામાં આવી હતી.